જિનશાસનના અણગાર, શાસનના શણગાર સંયમી વિદ્વાન ગીતાર્થ ગુરુભગવંતોના ચરણોમાં અનંતશઃ વંદનાવલી.

જિનાજ્ઞા સમારાધક શ્રેષ્ઠિવર્યશ્રી, પંડિતવર્યશ્રી, વિધિકારકશ્રી આદિને પ્રણામ.

પંચાશક ગ્રંથમાં પૂજ્ય હરિભદ્રસૂરિજી મહારાજાએ સંઘને તીર્થંકરની ઉપમા આપી છે. તીર્થંકર બનવાની પ્રક્રિયા પણ શ્રી સંઘના કારણે જ થઇ શકે છે. આવા ઉત્કૃષ્ટ તત્ત્વ સ્વરૂપ શ્રી સંઘનું સભ્યપદ આપણને મળ્યુ છે. શ્રીસંઘના વિવિધ વિભાગોનું સુંદર સંચાલન ટ્રસ્ટીઓ કરતા હોય છે. અને સંઘના સભ્યો સાથેની આ આત્મીયતાને લીધે સંઘના કાર્યો સારી રીતે સંપન્ન થાય છે. જે આપણા આત્મ કલ્યાણ માટેના જ કાર્યો છે.પર્યુષણ પર્વ દરમ્યાન શ્રી સંઘના કાર્યોનું ફંડ વિવેકપૂર્વક કરી લઇએ તો પરમ પાવન પર્યુષણ પર્વની પ્રવચન ધારામાં આપણા સમયનો બચાવ થાય. નિશ્રાદાતા ગુરભગવંતના પ્રવચનનો પૂરેપૂરો લાભ લઇ શકાય. જિનવાણી શ્રવણનો રસ જળવાઇ રહે. શ્રી સંઘનું જ્ઞાનસ્તર અને પરિણતિસ્તર માં વૃધ્ધિ થાય એવી ભાવનાથી આ વિકલ્પ રજુ કરેલ છે.

એક કાગળમાં સંઘ દ્વારા થઇ રહેલા બધા જ કાર્યોની વિગતવાર માહિતી આપવામાં આવે, શ્રી સંઘ આપણો પોતાનો છે અને સંઘના કાર્યો પણ આપણા જ છે અને સંઘ દ્વારા જ આપણને આરાધનાની વ્યવસ્થા મળવાની છે. શ્રી સંઘમાં આપેલ દાન અનંતગણું થઇને પરત મળે છે. એવું શાસ્ત્રવચન પણ છે. શ્રી સંઘના સભ્યો દ્વારા મળેલ યોગદાન ઉગી નીકળે એવો નિષ્ઠાપૂર્વક સદ્વ્યય કરવાની ખાતરી આપીએ છીએ. ખરેખર તો સંઘમાં યોગદાન આપવું એ આપણી ફરજ કે કર્તવ્ય છે, તેના કરતા વિશેષ તો હકીકતમાં આપણું સૌભાગ્ય છે કે શ્રી સંઘમાં આપણે યોગદાન આપી શકીએ છીએ. આપશ્રીના સંપૂર્ણ સાથ સહકારથી આપણે આ વર્ષે નૂતન શરૂઆત કરીને આદર્શ પર્યુષણ ઉજવી શકીશું. અને આદર્શ પ્રવચન ધારાને માણી શકીશું એવી આશા અને વિશ્વાસ સાથે શ્રી સંઘના સેવકોના પ્રણામ....

આ જ કાગળની પાછળની બાજુમાં શ્રીસંઘ તરફથી જે જે કાર્ય થતાં હોય તેની યાદી (૧) સર્વ સાધારણ ફંડ (૨) પાઠશાળા (૩) આયંબિલ શાળા (૪) જીવદયા (૫) સાધર્મિક ભક્તિ (૬) તપસ્વી બહુમાન (૭) પ્રભાવના અને તેની સાથે રકમ, દરેક સભ્યો લખીને પેટીમાં કાગળ પોતાના નામ સરનામા સાથે જમા કરાવી દે.

ઉપર મુજબના ફોર્મ બનાવીને શ્રીસંઘના દરેક ઘરમાં આપવાથી પર્વ દરમ્યાન સમયનો બચાવ થશે. એ સંઘના દરેક વ્યક્તિ તરફથી પોતાની શક્તિ અને ભાવ મુજબ સારું ફંડ મળશે અને સંઘનો સામાન્ય શ્રાવક પણ પોતાના તરફથી યોગદાન આપીને પુણ્યમાં ભાગીદાર બની શકશે.

લી. સકળશ્રી સંઘ ચરણસેવક
શાહ બાબુલાલ સરેમલ બેડાવાલા


" दासोऽहं सर्व साधूनाम् "

# નૂતન પ્રકાશન સંવત - ૨૦૭૪ - ૨૦૭૫

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા /સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | દર્શન સુધા (વાચના) | આ. જયઘોષસૂરિજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૨ | જયનાદ | આ. જયસુંદરસૂરિજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૩ | દિલ અટકો તોરા ચરણ કમલ મેં | પૂ. કલ્પરત્નવિજયજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૪ | અનોખો વાર્તા સંગ્રહ | પૂ. કલ્પરત્નવિજયજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૫ | મનને મસ્ત રાખવાની ચાવીઓ | પૂ. કલ્પરત્નવિજયજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૬ | સમાધિનો અણમોલ ખજાનો | પૂ. કલ્પરત્નવિજયજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૭ | પ્રભુ દૂર કરો અંધારૂ | પૂ. કલ્પરત્નવિજયજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૮ | Gautam Swami | પૂ. કરૂણાદ્રષ્ટિવિજયજી | અં. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૯ | Juicy Tales | આ. ભુવનભાનુસૂરિજી | અં. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૧૦ | Rags to Riches | પૂ. પ્રેમસુંદરવિજયજી | અં. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૧૧ | તમાચ | આ. ભુવનભાનુસૂરિજી | મરાઠી | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૧૨ | Faith Personified | આ. ભુવનભાનુસૂરિજી | અં. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૧૩ | ધ્યાન ઔર જીવન | આ. ભુવનભાનુસૂરિજી | હિ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૧૪ | તમાચ | આ. ભુવનભાનુસૂરિજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૧૫ | મિથ્યાત્વ એટલે હળાહળ વિષ | પૂ. સંયમકીર્તિવિજયજી | સં./ગુજ. | સમ્યક્ જ્ઞાન પ્રચારક સભા |
| ૧૬ | ૨૪ તીર્થંકર પરમાત્માની પ્રથમ દેશના | પૂ. સંયમકીર્તિવિજયજી | ગુજ. | સમ્યક્ જ્ઞાન પ્રચારક સભા |
| ૧૭ | સાધારણ ખાતાની પવિત્રતા | પૂ. સંયમકીર્તિવિજયજી | ગુજ. | સમ્યક્ જ્ઞાન પ્રચારક સભા |
| ૧૮ | તત્ત્વ વિષયક પ્રશ્નોત્તરી | પૂ. સંયમકીર્તિવિજયજી | ગુજ. | સમ્યક્ જ્ઞાન પ્રચારક સભા |
| ૧૯ | તિથિ નિર્ણય સિધ્ધાંત કે સામાચારી ? | પૂ. સંયમકીર્તિવિજયજી | ગુજ. | સમ્યક્ જ્ઞાન પ્રચારક સભા |
| ૨૦ | મૈત્રી પ્રમોદ કરુણા ભાવના અંગે પરિશીલન | પૂ. સંયમકીર્તિવિજયજી | સં./ગુજ. | સમ્યક્ જ્ઞાન પ્રચારક સભા |
| ૨૧ | અનૂકુળ મધ્યસ્થ ભાવ | પૂ. સંયમકીર્તિવિજયજી | ગુજ. | સમ્યક્ જ્ઞાન પ્રચારક સભા |
| ૨૨ | મનમેળો | આ. રાજેન્દ્રસૂરિજી | ગુજ. | આત્મહિતકર પ્રકાશન |
| ૨૩ | ઉથલ પાથલ (કમ્મપયડીનો સ્વાધ્યાય) | પૂ. આર્યરક્ષિતવિજયજી. | ગુજ. | કમલ પ્રકાશન |
| ૨૪ | વ્યાખ્યાનની ઝલકો-૨૦ | પૂ. દિવ્યવલ્લભવિજયજી | ગુજ. | અજયભાઇ મહેતા |
| ૨૫ | મનને ગમતા કંઠે રમતા સ્તવનો | આ. રાજહંસસૂરિજી | ગુજ. | શ્રુતજ્ઞાન પ્રસારક સભા |
| ૨૬ | ટ્વીષ્ટ | આ. અજિતશેખરસૂરિજી | ગુજ. | અર્હમ આરાધક ટ્રસ્ટ |
| ૨૭ | આગમાદિ ગ્રંથોમાં સમિતિ-ગુપ્તિ વૈભવ | આ. કીર્તિયશસૂરિજી | ગુજ. | સન્માર્ગ પ્રકાશન |
| ૨૮ | દિગમ્બર બોટિક મત નિરાકરણ ગ્રંથ સમુચ્ચય | આ. કીર્તિયશસૂરિજી | સં./ગુજ. | સન્માર્ગ પ્રકાશન |
| ૨૯ | જૈન સ્વરૂપ દર્શનમ્ | આ. કીર્તિયશસૂરિજી | સં./ગુજ. | સન્માર્ગ પ્રકાશન |
| ૩૦ | મહાવ્રત વૈભવમ્ | આ. કીર્તિયશસૂરિજી | ગુજ. | સન્માર્ગ પ્રકાશન |
| ૩૧ | વૈરાગ્યસાર સમુચ્ચય | આ. કીર્તિયશસૂરિજી | સં./ગુજ. | સન્માર્ગ પ્રકાશન |
| ૩૨ | ગુરુકુલવાસ | આ. કીર્તિયશસૂરિજી | સં./ગુજ. | સન્માર્ગ પ્રકાશન |
| ૩૩ | સેતુબંધ - ૧૪,૧૫,૧૬ | પૂ. યશરત્નવિજયજી | સં./ગુજ. | સેતુબંધ ત્રિમાસિક સમિતિ |
| ૩૪ | ચત્વારઃ કર્મગ્રંથાઃ ( નૂતન આવૃત્તિ) | આ. ચંદ્રગુપ્તસૂરિજી | સં. | અનેકાંત પ્રકાશન |

# નૂતન પ્રકાશન સંવત - ૨૦૭૪ - ૨૦૭૫

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા /સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૩૫ | પંચમ-ષષ્ઠ કર્મગ્રંથ | આ.ચંદ્રગુપ્તસૂરિજી | સં. | અનેકાંત પ્રકાશન |
| ૩૬ | ધર્મબિંદુ પ્રકરણ ૧,૨ | આ.ચંદ્રગુપ્તસૂરિજી | સં. | અનેકાંત પ્રકાશન |
| ૩૭ | ધર્મ રત્ન પ્રકરણ | આ.ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ. | અનેકાંત પ્રકાશન |
| ૩૮ | દર્શન શુદ્ધિ પ્રકરણ-પ્રવચન અંશો | આ.ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ. | અનેકાંત પ્રકાશન |
| ૩૯ | અધ્યાત્મસાર | આ.ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ. | અનેકાંત પ્રકાશન |
| ૪૦ | વિરતિનું વૃન્દાવન (વાગડ સમુદાય) | આ.કલ્પતરૂસૂરિજી | ગુજ. | કીર્તિ ડ્રેસર્સ |
| ૪૧ | S-3 સૃષ્ટિનું સર્વોચ્ચ સત્કાર્ય | આ.યોગતિલકસૂરિજી | ગુજ. | અધ્યાત્મ પરિવાર |
| ૪૨ | કોણ વધુ ખરાબ - સંસાર કે દારુ ? | આ.યોગતિલકસૂરિજી | ગુજ. | અધ્યાત્મ પરિવાર |
| ૪૩ | ક્રોધ કદી કરશો મા | આ.યોગતિલકસૂરિજી | ગુજ. | અધ્યાત્મ પરિવાર |
| ૪૪ | રાગના ત્રણ સ્વરૂપ | આ.યોગતિલકસૂરિજી | ગુજ. | અધ્યાત્મ પરિવાર |
| ૪૫ | રૂપસેન સુનંદા | આ.યોગતિલકસૂરિજી | ગુજ. | અધ્યાત્મ પરિવાર |
| ૪૬ | અધ્યાત્મનો ઉજાસ | આ.યોગતિલકસૂરિજી | ગુજ. | અધ્યાત્મ પરિવાર |
| ૪૭ | અધ્યાત્મનો પ્રકાશ | આ.યોગતિલકસૂરિજી | ગુજ. | અધ્યાત્મ પરિવાર |
| ૪૮ | કષાયોની કાલિમા | આ.યોગતિલકસૂરિજી | ગુજ. | અધ્યાત્મ પરિવાર |
| ૪૯ | શિબિરનો ખજાનો, માર્ગ બતાવે મજાનો | પં.દિપક બી. કોઠારી | ગુજ. | પુરાબેન જૈન ધર્મશાળા |
| ૫૦ | પ્રવચન અંજન | આ.પૂર્ણચંદ્રસૂરિજી | ગુજ. | પુરાબેન જૈન ધર્મશાળા |
| ૫૧ | પ્રવચન સપ્તાહ | પં.આત્મદર્શનવિજયજી | ગુજ. | કુરાર વિલેજ શ્વે.મૂ.જૈન સંઘ |
| ૫૨ | વિશ્વ કલ્યાણની વાટે | ગુણવંત બરવાળીયા | ગુજ. | નવભારત સાહિત્ય મંદિર |
| ૫૩ | અને જૈન ધર્મ | ગુણવંત બરવાળીયા | ગુજ. | અર્હમસ્પિરિચ્યુલ સેન્ટર |
| ૫૪ | સાત્ત્વિક સહચિંતન | ગુણવંત બરવાળીયા | ગુજ. | નવભારત સાહિત્ય મંદિર |
| ૫૫ | જ્ઞાનસાધના અને સરસ્વતી વંદના | ગુણવંત બરવાળીયા | ગુજ. | નવભારત સાહિત્ય મંદિર |
| ૫૬ | પ્રબુધ્ધ સંપદા | બકુલ ગાંધી-સેજલ શાહ | ગુજ. | મુંબઇ જેન યુવક મંડળ |
| ૫૭ | સંસ્કાર ABCD | પ્રિયમ | હિ. | અહો શ્રુતમ્ |
| ૫૮ | કરૂણા | પ્રિયમ | હિ. | અહો શ્રુતમ્ |
| ૫૯ | જિનશાસન કા રસાસ્વાદ | પ્રિયમ | હિ. | અહો શ્રુતમ્ |
| ૬૦ | યહ હૈ સંસાર | પ્રિયમ | હિ. | અહો શ્રુતમ્ |
| ૬૧ | જૈનીઝમ વિશ્વકી સભી સમસ્યાઓંકા સમાધાન | પ્રિયમ | હિ. | અહો શ્રુતમ્ |
| ૬૨ | સાધના ઐશ્વર્ય એવં ચેતના માધુર્ય | પૂ.મનિતપ્રભસાગરજી | હિ. | આ.જિનકાન્તિસાગરસૂરિજી ટ્રસ્ટ |
| ૬૩ | 50 Spiritual Stories | આ.મુનિચંદ્રસૂરિજી | અં. | આ.ઓમકારસૂરિ જ્ઞાન મંદિર |
| ૬૪ | Chess of Karma | આ.અજિતશેખરસૂરિજી | અં. | અર્હમ આરાધક ટ્રસ્ટ |
| ૬૫ | Purity Purified | આ.ભુવનભાનુસૂરિજી | અં. | ભાનુદય ફાઉન્ડેશન |
| ૬૬ | ગુરુમા (સચિત્ર જીવન કથા) | આ.જિનસુંદરસૂરિજી | હિં. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૬૭ | જૈન તત્ત્વજ્ઞાન પાઠ્યક્રમ ૧ થી ૫ | પૂ.યુગપ્રભવિજયજી | હિં. | હિમગિરિ ટ્રસ્ટ |
| ૬૮ | A Hand book of Jainology | આ.ભુવનભાનુસૂરિજી | અં. | ભાનુદય ફાઉન્ડેશન |




# જૈન ધ્યાનમાર્ગ

ધ્યાન એ મૂળમાં જૈન માર્ગ જ હતો. અહીંથી બીજે આંશિક રૂપે ધ્યાન આવ્યું. તેમાંના કેટલાંકોએ તેને લોકભોગ્ય બનાવવા પ્રયાસ કર્યા. તેમાંથી કેટલાકને કંઇક સફળતા મળી, ને આજે હજારો જૈનો ય જ્યાં ત્યાં જવા લાગ્યા, એમના જીવનમાં "ધ્યાન" કેટલું આવ્યું એ પ્રશ્ન હતો. પણ મોક્ષસાધક કંઇક સાધના તેમની પાસે હતી. તે ય તેઓ ભ્રમણાગ્રસ્ત થઇને ખોવા લાગ્યા. આ પરિસ્થિતિ જોઇને આપણા ગુરુભગવંતોએ જૈન ધ્યાનમાર્ગને વર્તમાન લોકોને ઉપયોગી બને તે રીતે પ્રસ્તુત કરવા પ્રયાસ કર્યા છે. અને તે માટે ધ્યાન શિબિરનું આયોજન પણ થઇ રહ્યું છે. જેના ફળ રૂપે સકલ શ્રીસંઘને સુંદર નજરાણા પ્રાપ્ત થયા છે. અધિકારી સંયમીઓ અને શ્રાવકો આ નજરાણાઓને આત્મસાત્ કરીને તેનો યોગ્ય રીતે વિનિયોગ કરવા પ્રયાસ કરે તો એનાથી સ્વ-પર કલ્યાણ તો થાય જ, જિનશાસનની જબરદસ્ત રક્ષાનો પણ લાભ મળે.

## ધ્યાન - નજરાણા

(૧) આંતરયાત્રા : જૈન ધ્યાન પ્રક્રિયા
લેખક :- ભક્તિયોગાચાર્ય પ.પૂ.આ.શ્રી યશોવિજયસૂરિજી
પ્રકાશક :- શ્રી ૐકારસૂરિજી જૈન જ્ઞાનમંદિર

(૨) પરમાનંદનું મંગલ દ્વાર : જૈન ધ્યાનમાર્ગ
લેખક :- ન્યાયમાર્તંડ પ.પૂ.આ.શ્રી યશોવિજયસૂરિજી
પ્રકાશક :- દિવ્યદર્શન ટ્રસ્ટ

(૩) ધ્યાન યોગ : ૧૫ પ્રેક્ટીકલ ધ્યાન (ગુજરાતી, અંગ્રેજી)
લેખક :- પ્રિયમ્ પ્રકાશક :- પરમાનંદ પરિવાર - સુરત

(૪) આત્મૈષણા : ધ્યાન શિબિર પ્રસ્તુતિ
લેખક :- પ્રિયમ્ પ્રકાશક :- શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર

(૫) ધ્યાન : ધ્યાન શિબિર પ્રવચનો અને લેવલ ૧ પ્રેક્ટીકલ ધ્યાન
લેખક :- પ્રિયમ્ પ્રકાશક :- અહો શ્રુતમ્

(૬) આલંબન ધ્યાનના પ્રયોગો
લેખક : સુશ્રાવક બાબુભાઇ કડીવાળા

## ધ્યાનવેતાઓને નમ્ર વિનંતિ

પ.પૂ.પંન્યાસજી મહારાજની પ્રેરણાથી પ.પૂ.અધ્યાત્મયોગી શ્રી કલાપૂર્ણસૂરિજી મ.સા. દ્વારા વિવેચિત અંક અદ્ભુત ધ્યાનગ્રંથ એટલે ધ્યાનવિચાર. અજ્ઞાતકર્તૃક આ પ્રાચીન - સંક્ષિપ્ત ગ્રંથમાં ધ્યાનમાર્ગના ગૂઢ રહસ્યો ધરબાયેલા છે. જો આ ગ્રંથને પ્રાયોગિક રીતે લોકભોગ્ય બનાવવાનો પ્રયાસ થાય તો ખરેખર કમાલ થઇ જાય, નત મસ્તકે વિનંતિ જો આપનાથી આ શક્ય બને તો સકલ શ્રીસંઘ પર મહાન અનુગ્રહ થશે.

# સરસ્વતી પુત્રોને વંદના

પૂજ્ય પ્રેમ-ભુવનભાનુસૂરિજી સમુદાયના પૂ. આ. શ્રીમદ્‌વિજયહેમચંદ્રસૂરિજી

મ. સા. ની પ્રેરણાથી ઉત્તમ ટકાઉ કાગળ ઉપર રિ પ્રિન્ટ થનાર ગ્રંથો

(૧) ઉપદેશ સપ્તતિકા - કર્તા ક્ષેમરાજ મુનિ - સ્વોપજ્ઞ ટીકા-સંસ્કૃત

(૨) ઐન્દ્રસ્તુતિ ચતુર્વિંશતિકા - કર્તા મહો. યશોવિજયજી મ. સા. - સ્વોપજ્ઞ ટીકા-સંસ્કૃત

(૩) શ્રી નેમિનાથ ચરિત્ર - કર્તા પૂ. ગુણવિજયગણિ - સંસ્કૃત

(૪) ઉપદેશ તરંગિણી -કર્તા પૂ. રત્નમંદિરગણિ - સ્વોપજ્ઞ ટીકા-સંસ્કૃત

(૫) શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર - કર્તા પૂ. માનતુંગસૂરિજી - સંસ્કૃત

(૬) ચત્વાર પ્રાચીન કર્મગ્રંથ - કર્તા પૂ. ગર્ગર્ષિગણિ -- સ્વોપજ્ઞ ટીકા-સંસ્કૃત

---

(નિમ્નલિખિત ગ્રંથોના સંશોધન-સંપાદનનું કાર્ય ચાલુ છે. ટૂંક સમયમાં પ્રકાશિત થશે.)

---

પૂ. ૐકારસૂરિજી સમુદાયના પૂ. આ. શ્રી મુનિચંદ્રસૂરિજી મ. સા.

(૧) જીવાજીવાભિગમસૂત્ર - પૂ. આ. શ્રી મલયગિરિસૂરિજી ટીકા - હસ્તપ્રતો ઉપથી-સંપાદન

(૨) નિરયાવલિકા સૂત્ર - ટીકા સહિત - હસ્તપ્રતો ઉપરથી સંશોધન-સંપાદન

---

પૂ. લબ્ધિસૂરિજી સમુદાયના પૂ. આ. શ્રી તીર્થયશસૂરિજી મ. સા.

(૧) સોપારા વિનંતિ - કર્તા પૂ. આ. શ્રી જયતિલકસૂરિજી મ. સા. - અનુવાદ અને વિવેચન

---

પૂ. પ્રેમ-ભુવનભાનુસૂરિજી સમુદાયના પૂ. ગુણહંસવિજયજી મ. સા.

(૧) જ્ઞાનસાર - કર્તા - ઉપા. યશોવિજયજી મ. સા. -નૂતન ટીકા-ગુજરાતી-હિન્દી ભાવાર્થ

---

પૂ. પ્રેમ-ભુવનભાનુસૂરિજી સમુદાયના પૂ. આ. શ્રી મહાબોધિસૂરિજી

(૧) વિપાકસૂત્ર અને ઉત્તરાધ્યયન સૂત્ર - વિવેચન - અમાસનું અજવાળું

---

પૂ. પ્રેમ-ભુવનભાનુસૂરિજી સમુદાયના પૂ. આ. શ્રી હેમવલ્લભસૂરિજી મ. સા.

(૧) હૃદયપ્રદીપ ષટ્‌ત્રિંશિકા - નૂતન ટીકા તથા અનુવાદ

---

પૂ. સાગરાનંદસૂરિજી સમુદાયના પૂ. શ્રી દીપરત્નસાગરજી મ. સા.

(૧) ૪૫ આગમનું હિન્દી ભાષાંતર ને વર્ડમાં ડેટા એન્ટ્રી

---

પૂ. ૐકારસૂરિજી સમુદાયના પૂ. સા. મહાયશાશ્રીજી મ. સા.

(૧) કથા રત્નાકર - કર્તા - ઉત્તમર્ષિ - અદ્યાવિધ અપ્રગટ ગ્રંથનું સંપાદન

---

( પૂજ્ય ગુરુભગવંતો દ્વારા જે પણ શાસ્ત્ર ગ્રંથોનું કાર્ય થઇ રહ્યું હોય તેની માહિતી સત્વરે મોકલી આપવા વિનંતી છે. )





# જ્ઞાનયજ્ઞ

- પ્રિયમ્

સંયમી વર્ગમાં પઠન - પાઠન અને શ્રાવક વર્ગમાં તે તે ચાર્તુમાસાદિના પ્રવચન-શ્રવણ વગેરે આરાધનાઓ થઇ રહી છે તેની અનુમોદના થાય છે. પણ પર્યાયને અનુસારે ચોક્કસ રીતે જે વિકાસ થવો જોઇએ તે થતો દેખાતો નથી. એની સામે વ્યવહારિક શિક્ષણમાં દશ વર્ષનો છોકરો પાંચમા ધોરણમાં આવી જ ગયો હોય. ને આટલું ભણી જ ગયો હોય એ નક્કી છે. માટે જ એ શિક્ષણ કસ વગરનું હોવા છતાં એનું મહત્ત્વ પ્રસરેલું છે.

જિનશાસનમાં આટલા વર્ષના પર્યાયવાળા શ્રમણને આ શ્રુત આપવું એવું સ્થાનાંગ આગમવૃત્તિ વગેરે શાસ્ત્રોમાં જણાવેલું છે. તો છેદ સૂત્રોની અંદર ગ્રહણમેધાવી, ધારણામેધાવી અને મર્યાદામેધાવી આ ત્રણ ગ્રેડ દ્વારા કે અપરિણત, અતિપરિણત અને પરિણત આ ત્રણ ગ્રેડ દ્વારા પરીક્ષાનો પણ અતિદેશ કરેલો છે.

હા, જે અતિ વિશિષ્ટ ક્ષયોપશમવાળા હોય એ ભલે એક વર્ષમાં બે/ત્રણ/ચાર વર્ષનો કોર્સ કરે, પણ કાંઇક બંધારણ-કોર્સ, સિલેબસ, પરીક્ષાનો આગ્રહ ન હોય, એમને એમ વર્ષો જાય. એ બહુ મોટું ભયસ્થાન છે. દરેક સમુદાયમાં ઉચિત અભ્યાસક્રમો અને પરીક્ષાઓ હોય. વિવિધ ક્ષેત્રોમાં આગળ વધારવાનું માપદંડ એ પરીક્ષાઓના પરિણામો હોય. શું એવું ન થઇ શકે ?


પાઠશાળાઓમાં પણ જાતજાતના સિલેબસો ને કોર્સો એ આપણી નામોશી તો છે જ. પણ કોઇ જ જાતના સિલેબસ કે પરીક્ષા વગરની પાઠશાળાઓની સ્થિતિ તો ઓર આઘાતજનક બને છે

## શું એવું ન થઇ શકે ?

કે દરેક સંઘમાં, દરેક પાઠશાળામાં ઉચિત અભ્યાસક્રમો ને પરીક્ષાઓ હોય, સિસ્ટેમેટિક રીતે સ્ટડી થતો હોય અને એક્ઝામો અપાતી હોય, તે દરેક સંઘના વાર્ષિક ખર્ચનો મહત્તમ ભાગ આ અભ્યાસ કરાવવામાં અને પરીક્ષા-પુરસ્કારોમાં વપરાતો હોય, ને એના પરિણામોના આધારે જ સંઘમાં ટ્રસ્ટીઓ વગેરેની નિમણુંક થતી હોય.

## શું એવું ન થઇ શકે ?

કે જ્યાં ત્યાં બેસતી પાઠશાળાઓ(મકાન ન હોય તો ખુલ્લામાં ઓટલા ઉપર કે આયંબિલખાતા વગેરેમાં બેસતા હોય છે.) અત્યારની સ્કુલને ય ટક્કર મારે એવો



## સકલ શ્રીસંઘ શી રીતે આગળ આવે ?

એમ્બીયન્સ ધરાવતી થઇ જાય. સંઘના એક એક સંતાનમાં જ્ઞાન અને જ્ઞાનપરિણતિનું રીતસર સિસ્ટમેટિક વાવેતર થાય, ને એક દશકામાં તો આખા સંઘના દેદાર પલટાઇ જાય.

**શું એવું ન થઇ શકે ?**

કે આખા વર્ષ દરમ્યાન શ્રીસંઘની દીકરીઓ અને વહુઓ માટે ચારિત્ર અને મર્યાદાપાલન વિષયક જુદી જુદી ચોપડીઓના આધારે પરીક્ષાઓ હોય અને એમાં સોના-ચાંદીના દાગીનાઓના, સિક્કાઓના ઇનામોની હારમાળા હોય.

**શું એવું ન થઇ શકે ?**

કે સકલ શ્રીસંઘના સમગ્ર સમાજો એવો નિર્ણય કરે કે અમુક હાઇટનો સૂત્રાર્થ, વિધિ અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ થયો હોય, એની જ સાથે વેવિશાળ અને લગ્ન થઇ શકે. પહેલાના સમયમાં કન્યા પસંદગીમાં ધાર્મિક અભ્યાસને મહત્વ અપાતું હતું

**શું એવું ન થઇ શકે ?**

કે દરેક સંઘમાં સવારથી રાત સુધી જુદા જુદા તત્ત્વજ્ઞાનના ક્લાસો ચાલતા હોય, ને શ્રીસંઘના દરેક ઉંમરના લોકો એનો લાભ લેતા હોય.

**શું એવું ન થઇ શકે ?**


કે આપણે એવું વાતાવરણ સર્જ્યું હોય કે સંઘના પરિસરથી માંડીને માર્કેટ સુધી જ્યાં પણ સંઘના સભ્યો ભેગા મળે ત્યાં તત્ત્વજ્ઞાનની જ વાતો સહજ રીતે થતી હોય.

**Why Not ? કેમ આવું ન થઇ શકે ?**

પાલીતાણાની સમસ્યાઓનું સમાધાન આ જ્ઞાનયજ્ઞમાં છે. સાધારણના તોટાથી માંડીને સંઘની બધી સમસ્યાઓનું સમાધાન આ જ્ઞાનયજ્ઞમાં છે. લવ જેહાદ અને આંતરજ્ઞાતીય લગ્નોથી માંડીને એબોર્શન સુધીની બધી સમસ્યાઓનું સમાધાન આ જ્ઞાનયજ્ઞમાં છે. પાંચમા આરામાં ચોથા આરાનો અવતાર કરાવવાનું સામર્થ્ય આ જ્ઞાનયજ્ઞમાં છે. If we wish. જો આપણે ઇચ્છીએ તો આ બધું જ થઇ શકે છે.. ખરેખર...

## શ્રુતવિશ્વમાં નવલું નઝરાણું








## જિનાલય નિર્માણ વિધિ વિધાન
## જિનાલય નિર્માણ વિધિ વિજ્ઞાન
### (પ્રતાકાર સંયુક્ત ગ્રંથ દ્વય)

જિનાલય નિર્માણના પ્રારંભથી લઇ પ્રતિષ્ઠા સુધી કરવાના શિલ્પશાસ્ત્રોક્ત સર્વ વિધાનો જણાવતો વિધિ ગ્રંથ અને તે સર્વે વિધાનોના રહસ્ય ઉજાગર કરીને વિધાનોમાં રાખવાની ચીવટ અને કાળજીને સમજાવતો શિલ્પ ગ્રંથ. ભૂમિગ્રહણ - ખાત મુહુર્ત - શિલાન્યાસ, દ્વારશાળ સ્થાપનાદિ વિધાનો પ્રેક્ટીકલ કરવામાં એકદમ સરળ પડે એ માટે દરેકના નક્શાઓ અને સમજુતી પણ આ ગ્રંથમાં જણાવેલ છે.

વર્તમાનમાં પાટલા પૂજનમાં વપરાતાં ત્રણ પાટલાઓનું સ્પષ્ટ સંશોધિત શાસ્ત્રીય સ્વરૂપ તથા ક્રમ પણ બતાવેલ છે. વિધિ વિધાન સબંધી આવશ્યક નોંધમાં વિચારવા યોગ્ય ૧૪ મુદ્દાઓ આપેલ છે. જે ખૂબ મનનીય છે.

## અષ્ટમંગલ ઔચિત્ય







શ્રમણ સંમેલનમાં થયેલ ઠરાવ અનુસાર અષ્ટમંગલનું મહત્વ અને સ્વરૂપ દર્શાવતી પુસ્તિકા અ ... ઐશ્વર્ય(હિન્દી-ગુજરાતી) સચિત્ર ૧૪ ... ગત વર્ષે ૧૨૦થી અધિક શાસ્ત્રગ્રંથોના રેફરન્સ અને ૨૦૦ થી વધુ ચિત્રોસહિત આકર્ષક મલ્ટીકલરમાં વિસ્તૃત વર્ણનાત્મક શોધનિબંધ સ્વરૂપ અષ્ટમંગલ માહાત્મ્ય (ગુજ., હિન્દી) પ્રકાશિત કરેલ. અષ્ટમંગલના દર્શન કરાવવા વિષયક કેટલી પ્રશ્નોત્તરીનો સમાવેશ કરેલ છે. લેખક : પ.પૂ. મુનિરાજ શ્રી સૌમ્યરત્નવિજયજી મ.સા.

**પ્રકાશક :- શિલ્પવિધિ :- ૬૭૨/૧૧, બોમ્બે માર્કેટ, રેલ્વેપુરા અમદાવાદ-૨**

પૂજ્ય શ્રમણ-શ્રમણી ભગવંતોએ શિલ્પવિધિ પ્રકાશનના પુસ્તક ભેટ મેળવવા માટે પત્ર પોસ્ટ


Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1 Ticket



પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org